## જન્મદિને વધામણી



**ઉરેન પટેલ**
પ્રમુખ, ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશન
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮



**દશરથલાલ એમ પરમાર**
સહમંત્રી, સહયોગ મંડળ
સહમંત્રી, ગાંધીનગર સિનિયર સિટીઝન કાઉન્સિલ
મો. ૯૫૭૪૧૨૨૦૨૩



**પ્રજ્ઞા ગજ્જર**
જાણીતા કોરિયોગ્રાફર અને સહ ખજાનચી, લાયોનેસ ક્લબ
મો. : ૯૯૦૪૨ ૫૧૬૫૧







અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક પૂર્વ પ્રાથમિક વિદ્યાલય અને શ્રી જે એમ ચૌધરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના સાતમા વાર્ષિક સમારોહનું આયોજન ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું હતું. 'બેટી બચાવો' થીમ પર આધારિત આ કાર્યક્રમમાં આ વિષયની જાગૃતિ ફેલાવતી અફલાતૂન કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. વાલીઓએ મન ભરીને કાર્યક્રમ માણ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# સ્વામી વિવેકાનંદને પુષ્પાંજલિ





સ્વામી વિવેકાનંદની જન્મતિથિ નિમિત્તે નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર મૅડિકલ ઍસોસિએશન અને જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા સિવિલ હૉસ્પિટલ કંપાઉન્ડ, સૅક્ટર-૧૨ ખાતે મૂકવામાં આવેલી સ્વામી વિવેકાનંદની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવાના કાર્યક્રમનું મંગળવારે આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# વસંતકુંવરબા વિદ્યાલય ખાતે વિવિધ શરબત બનાવવાનો સેમિનાર યોજાયો

## જ્યુસ બનાવવા ઉપરાંત તેનાથી થતા ફાયદાની સમજ વિદ્યાર્થીઓને અપાઈ

ગાંધીનગર, તા.૧૨
તાજેતરમાં બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય અને વી.એન. સોલંકી બાલભવનના સંયુકત ઉપક્રમે વિવિધ શરબત બનાવવા અંગેનો એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં મીનાબેન શાહે પોતાની આગવી કલાથી વિદ્યાર્થીઓને જામફળનો જ્યુસ, આંબળા-તુલસી-આદુ-ફુદીનાનો જ્યુસ તેમજ બાળકોને પ્રિય એવી ચોકલેટની રેસીપી પણ શીખવી હતી. સાથે સાથે શિયાળામાં પીવાતા પૌષ્ટિક જ્યુસ પીવાથી થતા ફાયદાની માહિતી પુરી પાડી હતી.

આ સેમિનારમાં જયોતિ મહિલા મંડળના કારોબારી સભ્ય મીનાબેન શાહ સિનિયર સિટીઝન્સના કન્વીનર સ્મિતાબેન મજમુદાર તેમજ શાળાના આચાર્યા મૃદુલાબેન ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર સેમિનારનું સંચાલન દક્ષાબેન અને સોનલબેન વાઘેલાએ કર્યું હતું.

## આર સી પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે વિશિષ્ટો સાથે નૂતન વર્ષને વધાવ્યું

ગાંધીનગર, તા. ૧૧
વર્ષ ૨૦૧૫ને વિદાયમાન આપવા અને ૨૦૧૬ના વર્ષને આવકારવા માટે શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલમાં ધોરણ-૧૧ સીમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ સરગાસણ ખાતે કાર્યરત માનવ સ્મૃતિ વિશિષ્ટ બાળકોની શાળાની મુલાકાત લઈ તેમની સાથે વિશિષ્ટ ઉજવણી માંડી હતી. આ સમાજ સંવેદી વિદ્યાર્થીઓએ પોતાના ખિસ્સા ખર્ચ માટે મળેલી રકમમાંથી રૂપિયા બે હજાર જેટલી રકમનું દાન પણ સંસ્થાને કર્યું હતું અને વિશિષ્ટ વિદ્યાર્થીઓ માટે વિવિદ મનોરંજક કાર્યક્રમો યોજ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય ચીનુભાઈ પટેલના માર્ગદર્શનમાં સફળ રહ્યો હતો.



ગાંધીનગર નજીક આવેલ શાહપુર ગામના બાળકોના જીવન ઘડતર માટે ૨૮ વર્ષ સુધી શાહપુર હાઈસ્કૂલમાં વ્યાયામ અને સમાજ વિદ્યાના શિક્ષક તરીકે ફરજ બજાવનાર શિક્ષક બબાભાઈ વિરસંગભાઈ ચૌધરીનો વયનિવૃત્તિનો વિદાય સમારંભ યોજાયો હતો. આ વિદાય સમારંભમાં ગામના સરપંચ બાબુજી નેનાજી ઠાકોર, વર્તમાન તાલુકાના સદસ્ય કાળાજી સોમાજી ઠાકોર, તાલુકા સદસ્યશ્રીઓ તથા દાહોદ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી ચૌધરી તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# મૂળ નિવાસી સંઘ દ્વારા ભારતીય બંધારણ જ્ઞાનવર્ધક કસોટી સ્પર્ધા યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧
મૂળ નિવાસી સંઘ દ્વારા આગામી તા. ૨૬મી જાન્યુઆરીના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકર દર્શન અને ભારતીય બંધારણની જાગૃતિ હેતુ અંતર્ગત જ્ઞાનવર્ધક કસોટી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વિજેતા પ્રથમ આવનારને ૫૦૦૦ રૂપિયા, બીજા ક્રમે ૩૦૦૦ રૂપિયા અને ત્રીજા ક્રમે આવનારને રૂપિયા ૨૦૦૦ રોકડા તેમજ દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ નારણવાઘેલાના નિવાસસ્થાન બ્લોક ૫૦/૪, જ-૨, સેકટર-૭, તેમજ કલ્પેશભાઈ, કેશવલાલ ચૌહાણનો સંપર્ક સાધી સ્પર્ધાના ફોર્મ મેળવી તા. ૧૭મી જાન્યુઆરી સુધીમાં ફોર્મ ભરી પરત કરવાના રહેશે. આમ સંઘના કન્વીનર વાસુદેવ શ્રીમાળીએ જણાવ્યું છે.

# ગાંધીનગરનું ગૌરવ : સૌથી નાની વયનો હેમ રેડિયો ઍક્સપર્ટ



ગાંધીનગર સ્થિત સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ધ્રુવ જિતેન્દ્ર ત્રિવેદીએ ભારત સરકારના ડિપાર્ટમૅન્ટ ઑફ ટૅકનોલૉજી, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવેલી હેમ રેડિયોની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત રાજ્યમાં ૧૨ વર્ષની નાની ઉંમરે હેમ રેડિયોની પરીક્ષા પાસ કરનાર ધ્રુવ પ્રથમ વિદ્યાર્થી બન્યો છે.

ઉલ્લેખનીય છે કે ધ્રુવનાં માતુશ્રી હેતલબેન ત્રિવેદીએ ૧૫ વર્ષની વયે આ પરીક્ષા પાસ કરી હતી અને તે સમયે આ પરીક્ષા પાસ કરનાર સૌથી નાની વયનાં વિદ્યાર્થી તરીકે તેમણે નામ જાણીતું કર્યું હતું. હવે, ધ્રુવે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને માતાનો રૅકોર્ડ તોડ્યો છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વઝીર
૧૨.૪૫, ૩.૩૦
૬.૩૦, ૧૦.૧૫
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૮.૩૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (ડબ હિન્દી)
૫.૦૦
સ્ટાર વોર્સ : ધ ફોર્સ અવેકન્સ (ડબ અંગ્રેજી)
૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૩.૧૫, ૫.૧૫
દિલવાલે
૧૨.૧૫, ૭.૧૫
છેલ્લો દિવસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
વઝીર
૧૦.૦૦ (સવારે)
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
દિલવાલે
૯.૪૫

# સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગનો ગુજરાતમાં આરંભ

## પ્રથમ વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓનો સમાવેશ

ગાંધીનગર, તા. ૧૨
ભારતની સૌથી મોટી ફ્લેકસીબલ પેકેજિંગ કંપની યુફલેક્સ દ્વારા સંપુર્ણ સહકાર પામેલા વિશ્વના સૌથી મોટા ટેલેન્ટ સ્પોર્ટીંગ અને ટ્રેનીંગ પ્રોગ્રામ સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગનો આજે અમદાવાદમાં આરંભ થયો છે. એસએસએફએલ ગુજરાતને સ્ટેર્સ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા સંયુક્તપણે રજુ કરવામાં આવ્યો હતો.

બાળકોની નાની વયથી જ ફૂટબોલ પ્રતિભા પારખીને તેમનું સંવર્ધન કરી અને તાલીમ આપીને ભારતમાં શ્રેષ્ઠ ખેલાડીઓનું નિર્માણ કરવાના હેતુ સાથે કાર્યરત એસએસએફએલ ગુજરાતને યુફલેક્સની તેની કોર્પોરેટ સામાજિક પ્રતિબદ્ધતા નીતિ અન્વયે સંપૂર્ણ સહકાર સાંપડ્યો છે. એસએસએફએલ ચેમ્પિયનશીપ્સ ટ્રોફીમાં અમદાવાદ અને ગાંધીનગરની ૬૪ સ્કૂલોના અંડર-૧૪ બોયઝ ટીમો ભાગ લેશે. આ તમામ મેચો ફિફા ગાઈડલાઈન્સ પ્રમાણે યોજાશે. જેમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત અને સ્ટેર્સના સત્તાવાળાઓ તમામ મેચોનું બારીકાઈથી નિરીક્ષણ કરીને પ્રતિભાશાળી ફૂટબોલરોને અલગ તારવીને તેમને તાલીમબદ્ધ કરશે. એસએસએફએલ ગુજરાતના આ પ્રથમ ચરણમાં અન્ય જિલ્લાઓને પણ આવરી લઈને આશાસ્પદ ફૂટબોલરોની પ્રતિભાને બહાર લાવવામાં આવશે. એસએસએફએલ ગુજરાતને રાજ્યમાં જિલ્લા સ્તરની ફૂટબોલ લીગ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવી છે.

યુફલેક્સ લિ.ના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર અશોક ચતુર્વેદીના જણાવ્યા અનુસાર, સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગને સહકાર આપીને ભારતની છબી સુધારવાના પ્રયાસોમાં અમારૂ યોગદાન આપતા અને આનંદ થાય છે. એસએસએફએલ આવતીકાલના ફૂટબોલ ચેમ્પિયનોને શોધી અને સંવર્ધન કરીને તાલીમબદ્ધ કરે છે તેમાંથી શ્રેષ્ઠ ટીમનો વિજય થશે.

યુફલેકસ દ્વારા ભારત સરકારના મુખ્યમંત્રી મેઈક ઈન ઈન્ડિયાને મૂર્તિમંત કરવા ગુજરાતના સાણંદ પાસે પ્રથમ પ્રકારનો એસેપ્ટીક પેકેજિંગ પ્લાન્ટ સ્થપવામાં આવી રહ્યો છે. તમામ ચરણોની સમાપ્તિ બાદ આ એકમમાં અંદાજે ૩૦૦૦ લોકોને રોજગારી મળશે. પ્રથમ ચરણમાં રૂ. ૫૮૦ કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે.

સ્ટેર્સના સ્થાપક અને સેક્રેટરી જનરલ શ્રી સિદ્ધાર્થ ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં એસએસએફએલના પ્રથમ ચરણમાં અમે રાજ્યના ૫૦૦૦ ફૂટબોલરોને આવરી લેવા ધારીએ છીએ, જેમાંથી અમને સૌથી વધુ આશાસ્પદ પ્રતિભાઓ મળશે. આવતીકાલથી શરૂ થઈ રહેલી લીગ પ્રતિભા શોધને સમર્પિત છે. જેના માટે ભારતમાં વર્ષ ૨૦૧૭માં યોજાનારા વર્લ્ડકપ અંડર-૧૭ને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે.

# સી ઍમ સ્કૂલના વિદ્યાર્થીઓને ટ્રાફિક જાગૃતિ અર્પવાનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૧૨
માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત પોલીસ વિભાગ, આરટીઓ કચેરી, ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા શેઠ સી ઍમ સ્કૂલ ખાતે ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ, અકસ્માત સમયે પ્રાથમિક સારવાર અને જરૂરી સાહિત્યના વિતરણનો કાર્યક્રમ યોજી જાગૃતિનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

શાળાના આચાર્ય બી કે પટેલ દ્વારા સ્વાગત પ્રવચન, અરૂણ બુચ દ્વારા કાર્યક્રમની પ્રસ્તાવના, આરટીઓ ઈન્સ્પેક્ટર કે બી પટેલ દ્વારા લાયસન્સની અનિવાર્યતા, ટ્રાફિકના નિયમોની જાણકારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સિવિલ ડિફેન્સ ઑફિસર મહાવીર નિમાવતે અકસ્માત સમયે પ્રાથમિક સારવાર અને સાવચેતીનાં પગલાં અંગે માર્ગદર્શન તથા જીવંત નિદર્શન આપ્યું હતું. આરટીઓ ઋત્વિજા દાણી દ્વારા વિદ્યાર્થીઓ આવતી કાલના નાગરિકો છે અને સમાજમાં તેઓએ લોહી રેડવાનું છે નહીં કે અકસ્માતમાં એવી શીખ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ચેતના બુચ દ્વારા કરવામાં આવી હતી.

# હું એ ઈશ્વરની પૂજા કરું છું જેને અજ્ઞાનીઓ મનુષ્ય કહે છે

**પ્રસંગસર**
રજનીકાંત ભટ્ટ

જીવ એ જ શિવ છે અને જીવની સેવા એ જ શિવની સેવા છે એવો ઉપદેશ દેશ અને દુનિયાને આપનાર ભારતની ભવ્ય વિભૂતિ સ્વામિ વિવેકાનંદ આજેય દુનિયાભરના યુવાઓ માટે પ્રેરણાસ્ત્રોત છે.

પૂર્વ અને પશ્ચિમના જ્ઞાતા સ્વામી વિવેકાનંદે પશ્ચિમથી પરત આવ્યા પછીના પ્રથમ ઉદ્‌બોધનમાં કહ્યું હતું : 'આ પૃથ્વી પર પુણ્યભૂમિ હોવાનો જો કોઈ દાવો કરી શકતું હોય, આ પૃથ્વી પરના જીવાત્માઓને પોતાનાં કર્મોનો હિસાબ ચૂકવવા જે ભૂમિ પર આવવું જ પડતું હોય, જ્યાં પરમાત્માને પંથે પ્રયાણ કરી રહેલા દરેક જીવાત્માએ પોતાનું અંતિમ ધામ પ્રાપ્ત કરવા માટે આવવું જ પડતું હોય, જ્યાં માનવતાએ મૃદુતાની, ઉદારતાની, પવિત્રતાની, શાંતિનિ સર્વોચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી હોય અને સૌથી વિશેષ અંતરમુખતાની ને આધ્યાત્મિકતાની જો કોઈ ભૂમિ હોય તો તે ભારત ભૂમિ છે.'

ઉચ્ચ આધ્યાત્મિક સત્યના પવિત્ર અને સનાતન જળપ્રવાહથી જગતને વારંવાર પ્રક્ષાલિત કરનાર ધર્મ સંસ્થાપકોએ અતિ પ્રાચીનકાળથી આ ભૂમિ પરથી જ આરંભ કર્યો હતો. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એ ચારે દિશાઓમાં આ પૃથ્વીનો આવરી લેનાર તત્ત્વજ્ઞાનની ભરતીના મહાજુવાળનો આરંભ પૂર્વે આ ભૂમિ પરથી જ થયો હતો અને દુનિયાની ભૌતિક સંસ્કૃતિને, જડવાદને આધ્યાત્મિક ઓપ આપનાર જુવાળનો આરંભ પણ હવે અહીંથી જ થવો જોઈએ.



સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે પ્રત્યેક રાષ્ટ્રનું એક કર્તવ્યકર્મ છે જે તેણે પરિપૂર્ણ કરવાનું છે અને ભારતનું કર્તવ્યકર્મ માનવજાતિનું આધ્યાત્મિકરણ કરવાનું છે. અનેક ચઢાવ-ઉતાર છતાં ભારત આ ધ્યેયની પરિપૂર્તિ અર્થે જીવંત છે.

વિશ્વના ઈતિહાસ અંગે અત્યંત રસપ્રદ અવલોકન કરતાં સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે વિવિધ વિજેતાઓ દ્વારા જ્યારે જ્યારે સંવાદ સ્થાપ્યો ત્યારે વિશ્વભરને જોડતા માર્ગ બન્યા. થોડા વર્ષોના જ્વલંત અસ્તિત્વ પછી વિજેતાઓ ભૂલાયા પરંતુ તે સંદેશા વ્યવહારના માર્ગો દ્વારા ભારતનો શાશ્વત સંદેશો પ્રસારિત થયો. પુનઃ આવી જ ઘટના આકાર લઈ રહી છે એવું અવલોકન એક દૃષ્ટાની જેમ કરતાં સ્વામીજીએ કહ્યું : 'અંગ્રેજોની બુદ્ધિથી જગત આજે એવા પ્રકારે સંકળાઈ ગયું છે કે અગાઉ એવું કદીયે બન્યું નહોતું. આજે એવાં વેપારનાં કેન્દ્રો બની ગયાં છે કે માનવજાતના ઈતિહાસમાં પૂર્વે એવાં કદી નહોતાં અને તરત જ , જાણ્યે-અજાણ્યે ભારત ખડું થઈ જાય છે અને પોતાની આધ્યાત્મિકતાનું દાન મુક્તહસ્તે ઠાલવે છે. એ આધ્યાત્મિકતાના સ્ત્રોતો આ માર્ગો દ્વારા ધસમસતાં વહીને જગતના ચારે છેડાઓ સુધી પહોંચી જવાના છે.'

એમણે એમ પણ કહ્યું હતું : 'પ્રાચીન કે અર્વાચીન કોઈ સમાજને ચરણે સત્ય બેસતું નથી, સમાજે સત્યને નમવું જોઈએ અથવા પોતે નાશ પામવું જોઈએ. સમાજ સત્યને અનુરૂપ રચવો જોઈએ, નહીં કે સત્યએ સમાજને અનરૂપ થઈને રહેવું જોઈએ.'

સ્વામી વિવેકાનંદ જોઈ શક્યા કે તેમના જીવનનું ધ્યેય ભારતને તેના રાષ્ટ્રીય કર્તવ્યકર્મનું - એકાત્મનું દર્શન કરાવવાનું અને વેદાંતનું આચરણ વિશ્વને આપવાનું છે, તે દિવસોમાં સ્વામીજીએ ખાતરીપૂર્વક કહ્યું હતું : 'આ આપણી માતૃભૂમિ ભારત નિદ્રાધિન અવસ્થાઓમાંથી જાગ્રત થઈ રહી છે. હિમાલયમાંથી વહી આવતી વાયુલહરીની પેઠે તેના મૃતઃપ્રાય અસ્થિ અને સ્નાયુઓમાં પ્રાણ પૂરી રહ્યો છે. સુસ્તી ઉડતી જાય છે અને માત્ર ચક્ષુવિહીનો જોઈ નહીં શકે અગર તો જાણી જોઈને અવળી મતિવાળાઓ જ નહીં જુએ કે આપણી આ માતૃભૂમિ પોતાની દીર્ઘ ગાઢ નિદ્રામાંથી જાગૃત થઈ રહી છે. હવે એનો કોઈ સામનો કરી શકે તેમ નથી, હવે એ ફરી નિદ્રાધિન થવાની નથી કારણ કે આ વિરાટકાય રાષ્ટ્રમાતા આળસ ખંખેરી પોતાના પગ પર ઊભી થઈ રહી છે.'

જાગૃત ભારત, ઉન્નત ભારત એ કોઈના વિનાશ માટે નહીં પરંતુ તેની આધ્યાત્મિક આગેકૂચમાં સંવાદિતાપૂર્વક આગળ વધવા માનવજાતિને મદદ કરવા સારુ છે.

# ૧૮ જાન્યુઆરીથી સાણંદ ખાતે ફિલ્મ ઍકેડેમીનો આરંભ

ગાંધીનગર, તા. ૧૨
સાણંદ ખાતે યુનિવર્સલ ઍકેડેમી ઑફ ફિલ્મ ઍન્ડ મીડિયા નામની સંસ્થા ૧૮ જાન્યુઆરીથી ફિલ્મ ઍકેડેમીનો આરંભ કરી રહી છે, જેમાં ઑડિયો ઍન્જિનીયરીંગ, લાઈવ સાઉન્ડ ઍન્જિનીયરીંગ તેમજ ડીજે માટેના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવી રહ્યા છે. ફિલ્મના પ્રૉડક્શનમાં સૌથી મહત્ત્વપૂર્ણ એનું સાઉન્ડ મૅનેજમૅન્ટ છે. ફિલ્મમાં દર્શાવવામાં આવતી અલગ અલગ સાઉન્ડ ઈફેક્ટ્સ ફિલ્મને વધુ રસપ્રદ અને આકર્ષક બનાવે છે.

આ ફિલ્મ ઍકેડેમીમાં ઑડિયો ઍન્જિનીયરીંગના તાલીમ વર્ગો ૮ સૅમેસ્ટરના હોય છે, જેમાં ઑડિયો વિઝ્યુઅલ, ફિલ્મ લાઈવ મ્યુઝીક જેવી તાલીમ આપવામાં આવે છે. વિવિધ પ્રકારનું સંગીત, વેસ્ટર્ન સાઉન્ડ, ઈન્ડિયન સાઉન્ડ, વિવિધ પ્રકારના સૉફ્ટવૅર, સિનેમા સાઉન્ડ, રેડિયો, ટીવી અને ફિલ્મના ઑડિયો, અલગ-અલગ પ્રકારની રૅકોર્ડીંગ સિસ્ટમ ઉપરાંત ડીજેનું શિક્ષણ આપવામાં આવશે.

તાલીમ વર્ગો માટે રાષ્ટ્રીય કક્ષાના વિદ્વાન શિક્ષકો તેમજ મૉડર્ન હાઈટેક સ્ટુડિયો સાઉન્ડ લેબોરેટરીથી સુસજ્જ છે.